




(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લા પંચયતની સામાન્ય સભા શુક્રવારે જિલ્લા પંચાયતના -મુખ હેમલતાબેન પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારી નગરાજન એમ. ની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં નવા વર્ષનું બજેટ રજુ કરવામાં આવ્યું હતું.વિપક્ષ કોગ્રેસના વિરોધ વચ્ચે બજેટ બહુમતીથી પસાર થયું હતું. સત્તાધારી પક્ષે બજેટને -જાલક્ષી ગણાવ્યું હતું. જયારે કોગ્રેસે બજેટ નિરસ અને ખેડુત વિરોધી હોવાનું જણાવ્યું હતું.



-જાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ મહામહિમ રાજયપાલ ડૉ. કમલાજી બેનીવાલ અને મુખ્યમંત્રી નરેન્દ્રભાઈની ઉપસ્થિતિમાં હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ એટહોમ કાર્યક્રમમાં વણઝારા સમાજના ગુજરાત -દેશના કાર્યકારી અધ્યક્ષ મગનભાઈ વણઝારા (પત્રકાર)ને નિમંત્રણ મળતાં તેઓ એટહોમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

# કેટલીક ચોરીમાં સામેલ ગેંગના બે શખ્સ ઝડપાયા

અમદાવાદ, તા. ૩૧

રાજ્યભરમાં ઘરફોડ ચોરી કરતા ગરબાડા ગેંગના બે આરોપીઓની અંતે સેક્ટર-૨એ ધરપકડ કરી છે.

સેક્ટર-૨ના સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમીના આધારે આરોપી વિનુ ઉર્ફે વિનીયો છગન ભીમજી મેડા (ઉ.૨૮) (રહે. દાહોદ) તથા સુરેશ ઉર્ફે સુરીયો જોખા મગન ભાંભોર (ઉ. ૨૪) (રહે. દાહોદ)ની પાસેથી ગણેશીયુ, બે ડીસમીસ, કાંડા ઘડીયાળ, ત્રણ નંગ મોબાઈલ કબ્જે કરાયા છે. બંને આરોપીની પૂછપરછ દરમ્યાન તેમણે ત્રણ મોબાઈલ પૈકીનો એક મોબાઈલ વઢવાણ સુરેન્દ્રનગરથી ચોરી કર્યો હોવાનું કબુલ્યું છે તેમજ આરોપીઓએ તેના સાગરીત નનુ મંડોડ તથા અન્ય સાથે મળીને વર્ષ ૨૦૧૩માં રાજકોટ, ગાંધીધામ, સુરેન્દ્રનગર તથા વર્ષ ૨૦૧૪માં કબીલપોર નવસારી, તિથલ રોડ, વલસાડથી ઘરફોડ ચોરીઓ કરી હોવાનું જણાવ્યું છે. આરોપીઓએ કરેલ રાજ્યના અલગ અલગ ચાર જિલ્લાની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો છે.



યુગ પુરૂષ સ્વામી વિવેકાનંદજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે પાલનપુરના દિલ્હી ગેટ ચોકમાં પ્રસ્થાપિત કરાયેલ વિવેકાનંદ ચોકથી દિલ્ગીગેટથી સીધા રેલવે સ્ટેશનને જોડતા માર્ગને સ્વામી વિવેકાનંદ માર્ગ નામાભિમાન કરવામાં આવતા શહેરમાં ખુશાલી પ્રવર્તી ગઈ છે. આ અંગે અગ્રણીઓએ વેપારીઓને અપીલ કરી હતી કે તેઓ પોતાના બીલ બુકમાં સ્વામી વિવેકાનંદ ચોક એવું નામ છપાવે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

## શિહોરી ખેતી બેંક ચૂંટણી માટે ૪૫ ઉમેદવારી પત્રો ભરાયા : ૯ ફોર્મ રદ

શિહોરી, તા. ૩૧

કાંકરેજ તાલુકાના મુખ્યમથક શિહોરી ખાતે શિહોરી શાખા ગુજરાત રાજ્ય કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંકના ચૂંટણીના ઉમેદવારીપત્રકો તા. ૨૯ જાન્યુ-૨૦૧૪ સુધી કુલ ૪૫ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જેમાં છ ઉમેદવારી પત્રો રદ કરવામાં આવ્યા હતા. આગામી ૫મી ફેબ્રુ. ૨૦૧૪ના રોજ ઉમેદવારોની આખરી યાદી નોટીસ બોર્ડ ઉપર સવારે ૧૧ વાગે મુકવામાં આવશે તેમજ શાખાની ચૂંટણી માટે મતદાન અંગેની વધુ વિગતો દૈનિકપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે તેમ બ્રાન્ચ મેનેજર હિતેશ જોષીએ જણાવ્યું હતું.

# પાલનપુરમાં જ્વેલર્સની દુકાનમાં કામ કરતા નોકરે શેઠને સાત લાખનું ચૂનો લગાડી સોનું લઈ ફરાર

પાલનપુર, તા. ૩૧

પાલનપુરમાં મોટી બજાર વિસ્તારમાં આવેલ એક જ્વેલર્સની દુકાનમાં ચાર દિવસ અગાઉ જ્વેલર્સના વેપારીએ તેના અમદાવાદના મિત્રની ભલામણથી રાધે નામના શખ્સને નોકરીએ રાખ્યો હતો જો કે માત્ર ચાર દિવસમાં જ શેઠનો ભરોસો જીતી જ્વેલર્સ દુકાનમાંથી ૨૬૦ ગ્રામ સોનું જેની કિંમત સાત લાખ એસી હજાનું લઈ આજે સવારે ફરાર થઈ ગયો હતો. જ્વેલર્સના વેપારી કરીમભાઈ શેખે પાલનપુરના એ ડીવીજન પોલીસ દફતરે ફરીયાદ નોંધાવી હતી. અમદાવાદના મિત્રની ભલામણથી ચાર દિવસ અગાઉ સોના ચાંદીના દાગીનાના કામકાજ માટે નોકરી રાખ્યો હતો.



રાધે નામનો નોકર બંગાળનો રહેવાસી હોવાથી શેઠ પણ બંગાળનો વતની હોવાથી વધુ ભરોસો રાખતા શેઠના ઘરેથી દુકાનની ચાવી લઈ દુકાને જઈ લોકરમાંથી ચુપચાપ સોનું લઈ ભરોસાનું ખુન કરી ચૂનો લગાવ્યો હોવાનું માલુમ પડતા જ્વેલર્સ માલીકે એ ડીવીજન પોલીસમથકે ફરીયાદ નોંધાવી હતી. જો કે પોલીસ દ્વારા વારંવાર જાહેર જનતાને તેમની જોડે નોકરીએ રાખતા પર પ્રાંતીયને રોજગારી આપતા પહેલા પોલીસને જાણ કરવાનું સુચન આપવા છતાં કોઈ જાણ ન કરતા હાલ પોલીસને બદનામી લેવાનો વારો આવ્યો છે.

## તલોદ કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોનું આયોજન

તલોદ, તા. ૩૧

તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સરકાર દ્વારા જુદી જુદી પરીક્ષાઓના તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલ છે. જુદી જુદી કેડરની યુ.જી.સી. પ્રેરિત પરીક્ષાની તૈયારીના ભાગરૂપે વિદ્વાન અધ્યાપકો અને નિષ્ણાંતો દ્વારા કોચિંગ વર્ગો લેવામાં આવનાર છે. હાલ રેવન્યુ તલાટીની સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તૈયારી રૂપે તા. ૬ ફેબ્રુઆરી-૨૦૧૪થી વર્ગો શરૂ થશે. જે વર્ગો વિનામૂલ્યે ચલાવવામાં આવશે. વિદ્યાર્થીઓએ કોલેજ કાર્યાલયમાંથી પ્રવેશ ફોર્મ ભરીને ડૉ. કે.બી. ચૌધરીએ આપવાનું રહેશે અને નિયમિત વર્ગમાં આવવાનું રહેશે તેમ આચાર્યએ જણાવ્યું હતું.

# રણાસણ હાઈસ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

તલોદ, તા. ૩૧

તલોદ તાલુકાના રણાસણની સી.વી. ગાંધી હાઈસ્કૂલમાં પ્રજાસત્તાક દિનના ઐતિહાસિક પર્વ પ્રસંગે શાળાનો મનભાવન વાર્ષિકોત્સવ યોજાયો હતો. આ વાર્ષિકોત્સવ શાળા સંકુલમાં યોજવામાં આવ્યો હતો.

આ વાર્ષિકોત્સવમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ તેમના કલા-કૌશલ્યતાનો રસથાળ પીરસ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ૧૨ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરાઈ હતી. જે પૈકી ધોરણ-૮ના વિદ્યાર્થીઓને રજૂ કરેલી કૃતિને શ્રેષ્ઠ કૃતિ જાહેર કરાઈ હતી. આ વાર્ષિકોત્સવમાં વિજેતા કૃતિઓને ઈનામોથી સન્માનવામાં આવી હતી.

શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે શાળાના પ્રવેશદ્વારના નિર્માણ માટે, શાળાના વિકાસ માટે અને વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે દાતા પરિવારોએ રણાસણ કેળવણી મંડળની દાનની ઝોળી છલકાવી દીધી હતી.

## દૂઃખદ અવસાન

ધનસુરા સૌરાષ્ટ્ર ફરસાણ માર્ટવાળા પંકજભાઈ, અલ્પેશભાઈ તેમજ અશ્વિનભાઈના પિતા ધીરૂભાઈ બાલકૃષ્ણભાઈ શેઠનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની અંતિમ વિધિમાં મોટી સંખ્યામાં સ્નેહીજનો જોડાયા હતા.



પ્રાંતિજ નજીક આવેલા ટોલપ્લાઝા પાસે એસ્ટીમ કારમાં લઈ જવાઈ રહેલો વિદેશી દારૂના જથ્થાને પ્રાંતિજ પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, પ્રાંતિજ તાલુકામાં આવેલ પ્રાંતિજ ટોલપ્લાઝા પાસેથી વિદેશી દારૂનો મોટો જથ્થો કારમાં લી જવાઈ રહ્યો હોવાની બાતમી પ્રાંતિજ ડી સ્ટાફ પોલીસને મળતા તેમની ટીમે ટોલપ્લાઝા પર વોચ ગોઠવી હતી. દરમિયાન રાજસ્થાન તરફથી આવતી એસ્ટીમ કાર નં. જીજે-૧૧-એચ-૭૬૫ને રોકી તેમા તપાસ કરતા તેમાંથી ૧૨૭ નંગ દારૂની બોટલ અને ૭૨ નંગ બીયરના ટીન મળી કુલ ૪૯,૩૦૦નો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જ્યારે કાર સહિતનો દોઢ લાખનો મુદ્દામાલ કબજે કરી અનિલ કચરાભાઈ પ્રજાપતિની અટકાયત કરી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# અમદાવાદમાં ગેરકાયદે બાંધકામોને સીલ કરવાની સખ્ત કાર્યવાહી શરૂ

અમદાવાદ, તા. ૩૧

અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનના એસ્ટેટ / ટીડીઓ ખાતાના દબાણ વિભાગ સહિતના સ્ટાફ દ્વારા તા. ૩૧મી જાન્યુઆરીના રોજ ઈલે.વોર્ડ લાંભા (પશ્ચિમ)માં ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૧૨૫ ડ્રાફ્ટ, નારોલ સરખેજ હાઈવે પર, આરવી ડેનીમની સામે આવેલ બાલકૃષ્ણ ટેક્ષટાઈલ પ્રા.લી.ના પ્રથમ માળે ફેક્ટરી પ્રકારનું આશરે ૧૭૨૨ ચો.ફુટ ક્ષેત્રફળ ધરાવતા અનધિકૃત બાંધકામ સીલ કરવામાં આવ્યા છે તેમજ ઈલે.વોર્ડ ઈન્દ્રપુરીમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૫૦ સુરેલીયા રોડ ઉપર આવેલ શંકર એસ્ટેટની સામે આવેલ આદેશ્વર એસ્ટેટના અને પ્રથમ માળે ઈન્ડસ્ટ્રીયલ પ્રકારના આશરે ૮૪૦ ચોફુટ ક્ષેત્રફળ ધરાવતા અનધિકૃત બાંધકામ અને ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૪૫ ખોખરા મહેમદાવાદ ઘોડાસર-૧ દરબારનગર રોડ ઉપર આવેલ હરિનગર સોસાયટીના ગ્રાઉન્ડ ફ્લોર પર કુલ પાંચ યુનિટના આશરે ૫૯૨ ચોફુટ ક્ષેત્રફળ ધરાવતાં અનધિકૃત બાંધકામ સીલ કરાયા છે.

આ ઉપરાંત ઈલે.વોર્ડ ઈસનપુરમાં રો હાઉસની સ્કીમ પ્રકારના કુલ ૧૬ યુનિટોના આશરે ૩૭૬૬ ચોફુટ ક્ષેત્રફળ ધરાવતા અનધિકૃત બાંધકામ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૫૫ મટનગલી રોડ પર આવેલ ઈન્ડસ્ટ્રીયલ પ્રકારના આશરે ૬૪૫૬ ચોફુટ ક્ષેત્રફળ ધરાવતા અનધિકૃત બાંધકામ તથા ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૫૩ શક્તિ ઈન્ડસ્ટ્રીયલ પ્રકારના આશરે ૫૦૫૭ ચોફુટ ક્ષેત્રફળ ધરાવતા અનધિકૃત બાંધકામ સીલ કરવામાં આવ્યા છે. એમ કુલ ૪ ઈન્ડસ્ટ્રીયલ અને ૨૧ રહેઠાણના એકમોના કુલ ૧૮,૪૩૩ ચોફુટ ક્ષેત્રફળ ધરાવતા અનધિકૃત બાંધકામો કે જેને અગાઉ નોટીસો આપવા છતાં પણ બાંધકામ ચાલુ રાખતાં તમામ બાંધકામોને એસ્ટેટ / ટીડીઓ ખાતાના દબાણ વિભાગ સહિતના સ્ટાફ દ્વારા સીલ કરવામાં આવેલ છે.




ઝેરડા પંચાયતના સર્કલ ઈન્સપેક્ટર એચ.એસ.મંડોરીની તા. ૩૧/૧/૨૦૧૪ના રોજ તેમની વય મર્યાદા પૂર્ણ થતા તેઓ નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ તાલુકા પંચાયત સભાખંડ ખાતે ત.ક.મંત્રીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં એચ.એસ.મંડોરીનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું તથા ઢોલ નગારા અને શરણાઈના સુર સાથે તેમને વિદાય અપાઈ હતી. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી સી.પી.ડગલા, ડીસા તા.પં. પ્રમુખ અને સ્ટાફ, ત.ક.મંત્રી અને માજી પ્રમુખ ધાસુરા, માજી મંત્રી ત્રિવેદી અને તમામ તલાટી વર્ગનો સ્ટાફ હાજર રહ્યો હતો. અને એચ.એસ.મંડોરીના સુખયમ જીવન અંગે પ્રાર્થના કરી હતી.



ભિલોડા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ.તરીકે ફરજ બજાવતા ગોવિંદભાઈ એન.મકવાણાનો વય નિવૃતી સન્માન સમારોહ કાર્યક્રમ તા.૩૧/૧/૨૦૧૪ ને શુક્રવારના રોજ ભિલોડા પોલીસ સ્ટેશન પટ્ટાંગણમાં યોજાયો હતો. ભિલોડા પોલીસ સ્ટેશન એ.એસ.આઈ.ગોવિંદભાઈ એન.મકવાણાનું જીવન સુખમય રહે,દીર્ધાયુ જીવન આનંદમય નિવડે તેવી અભિલાશાઓ ભિલોડા પોલીસ સ્ટાફ પરીવાર અને ભિલોડાના ગ્રામજનોએ વ્યક્ત કરી શ્રીફળ આપી, શાલ ઓઢાડી, મોમેન્ટો અર્પણ કરી સન્માન કરેલ હતું. આ પ્રસંગે ભિલોડા સી.પી.આઈ. એસ.જે.મોદી, ભિલોડા પી.એસ.આઈ. વી. યુ. ચાવડા, કિર્તીકુમાર બારોટ, મનોજભાઈ પટેલ, ગુણવંતલાલ ત્રિવેદી, શંકરલાલ ગુર્જર, હિંમતસિંહ સિસોદીયા, બલભદ્રસિંહ ચંપાવત, અમરતલાલ દરજી, વિકાસભાઈ દરજી, વિજયભાઈ દરજી, અગ્રણી ગ્રામજનો, વેપારીઓ તેમજ પોલીસ સ્ટાફ પરીવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન